CIDએ અભિષેક, કુણાલ ઘોષની કલાકો સુધી પૂછપરછ કરી

કોલકાતા, તા. ૧૪(PTI): પશ્ચિમ બંગાળ CIDએ રવિવારે તૃણમૂલ કોંગ્રેસના રાષ્ટ્રીય મહાસચિવ અભિષેક બેનર્જી અને પાર્ટીના ધારાસભ્ય કુણાલ ઘોષની કોલકાતામાં કલાકો સુધી સઘન પૂછપરછ કરી હતી. રાજ્ય વિધાનસભામાં વિરોધ પક્ષના નેતાની નિમણૂક સંબંધિત દસ્તાવેજો પર ધારાસભ્યોની કથિત નકલી સહીઓ અંગે ચાલી રહેલી તપાસના સંદર્ભમાં આ પૂછપરછ કરવામાં આવી હોવાનું એક અધિકારીએ જણાવ્યું હતું. આ કેસમાં બીજા તબક્કાની પૂછપરછ માટે સવારે 'ભવાની ભવન' સ્થિત સીઆઈડી ઓફિસે પહોંચેલા બેનર્જીને ઘોષની સામે બેસાડીને પૂછપરછ કરવામાં આવી હતી, તેમ બેલેઘાટાના ધારાસભ્ય એ સીઆઈડી ઓફિસમાંથી બહાર આવ્યા બાદ દાવો કર્યો હતો. સીઆઈડી ઓફિસમાં લગભગ ચાર કલાક ચાલેલા પૂછપરછના સત્ર બાદ પત્રકારો સાથે વાત કરતા ઘોષે જણાવ્યું કે, મેં તેમના તમામ પ્રશ્નોના જવાબો આપ્યા છે. મેં તેમની તપાસમાં સંપૂર્ણ સહકાર આપ્યો છે. પાર્ટીના ડાયમંડ હાર્બરના સાંસદ અભિષેક બેનર્જીની સાથે બેસાડીને સામસામે પૂછપરછ કરવામાં આવી હતી કે કેમ, તેવા પ્રશ્નના જવાબમાં ઘોષે હકારમાં ઉત્તર આપ્યો હતો.

ઝારખંડમાં વીજળી પડતાં ત્રણ મહિલા સહિત આઠનાં મોત

રાંચી, તા. 14 (PTI): ઝારખંડના છ જિલ્લામાં વીજળી પડવાની વિવિધ ઘટનાઓમાં ત્રણ મહિલાઓ અને બે છોકરાઓ સહિત ઓછામાં ઓછા આઠ લોકોનાં મોત થયાં છે. એમ પોલીસે રવિવારે જણાવ્યું હતું. આ આઠ લોકોમાંથી રાંચી અને ગઢવા જિલ્લામાં બબ્બે લોકોનાં મોત થયાં છે, જ્યારે બાકીનાં મોત ચતરા, ગિરીડીહ, સરાયકેલા-ખરસવાન અને જામતારા જિલ્લામાંથી નોંધાયા છે. એક પોલીસ અધિકારીએ રવિવારે સવારે પીટીઆઈને જણાવ્યું કે, "છેલ્લા 24 કલાકમાં ઝારખંડમાં વીજળી પડવાને કારણે ઓછામાં ઓછા આઠ લોકોનાં મોત થયાં છે." પીઠોરિયા પોલીસ સ્ટેશનના સબ-ઈન્સ્પેક્ટર સત્યદેવ પ્રસાદે જણાવ્યું હતું કે, "મૃતકોમાં રાંચી જિલ્લાના બે લોકો સામેલ છે. તેમની ઓળખ બાધુ ગામના જીતુ માહલી (55) અને કટામકુલી ગામના નિરાશો દેવી (33) તરીકે થઈ છે. બંને પોતાના ખેતરમાં કામ કરી રહ્યા હતા ત્યારે તેમના પર વીજળી પડી હતી."

અમેરિકન ખ્રિસ્તી મિશનરી અને અન્ય સામે UAPA હેઠળ કેસ દાખલ

બેંગલુરુ, તા. 14 (PTI): એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) દ્વારા વિદેશી ડેબિટ કાર્ડના નેટવર્ક દ્વારા વિદેશી ભંડોળના ગેરકાયદે ઉપયોગનો આરોપ લગાવતી ફરિયાદ નોંધાવ્યા બાદ અમેરિકા સ્થિત એક સંસ્થા અને અન્ય છ લોકો સામે કેસ નોંધવામાં આવ્યો છે. આ ભંડોળનો ઉપયોગ દેશના ડાબેરી ઉગ્રવાદ (એલડબ્લ્યુઈ) પ્રભાવિત વિસ્તારોમાં પણ કરવામાં આવ્યો હોવાનો આરોપ છે. ઈડીના આસિસ્ટન્ટ ડાયરેક્ટર સુનીલ કુમાર સિન્હમાર દ્વારા દાખલ કરવામાં આવેલી ફરિયાદના આધારે, બેંગલુરુની કોથનુર પોલીસે 11 જૂનના રોજ ભારતીય ન્યાય સંહિતા અને ગેરકાનૂની પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમ (યુએપીએ)ની વિવિધ કલમો હેઠળ કેસ નોંધ્યો છે.

ઓમાન કાંઠે જહાજમાં એક ભારતીય કર્મચારીનું બિમારીથી મોત

દુબઈ, તા. ૧૪(PTI): મસ્કત સ્થિત ભારતીય દૂતાવાસે રવિવારે જણાવ્યું હતું કે, ઓમાનના દરિયાઈ વિસ્તારમાં એક જહાજ પર તબીબી જટિલતાઓને કારણે મૃત્યુ પામેલા એક ભારતીય નાગરિકના પાર્થિવ દેહને વહેલામાં વહેલી તકે વતન પરત લાવવા માટે તેઓ કામ કરી રહ્યા છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં મિશને જણાવ્યું હતું કે, તેઓ નિશાંત ઉઈર્થનાથનના પરિવારના સભ્યો, 'એમટી સેલેસ્ટિયલ' જહાજના ક્રૂ મેમ્બર્સ અને સંબંધિત સત્તાવાળાઓ સાથે સતત સંપર્કમાં છે. જો કે, દૂતાવાસે ઉઈર્થનાથનના મૃત્યુ પાછળ કઈ તબીબી સ્થિતિ જવાબદાર હતી તેની વિગતો આપી નથી. મિશને 'X' પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, એમટી સેલેસ્ટિયલ જહાજ પર તબીબી પરિસ્થિતિઓને કારણે કમનસીબે મૃત્યુ પામેલા નિશાંત ઉઈર્થનાથન અંગે દૂતાવાસ સ્થાનિક ઓમાની સત્તાવાળાઓ, પોર્ટ અધિકારીઓ અને શિપિંગ કંપની સાથે સક્રિય સંકલન સાધી રહ્યું છે.

લંડનમાં 26 વર્ષીય ભારતીય યુવકની ચાકૂ મારીને હત્યા

ગુરભેજ સિંહ નામક ભારતીયનું જીવલેણ ઇજાથી ઘટનાસ્થળે જ મોત થયું, અન્ય એક ઘાયલ

લંડન, તા. ૧૪ : વેસ્ટ લંડનમાં ૨૬ વર્ષીય ભારતીય મૂળના યુવકની ચાકૂ મારીને હત્યા કરવામાં આવી છે, જે અંગે મેટ્રોપોલિટન પોલીસ દ્વારા હત્યાની તપાસ શરૂ કરવામાં આવી છે. ડિટેક્ટિવ્સ હુમલાની આસપાસની પરિસ્થિતિઓનો તાગ મેળવવા માટે કામ કરી રહ્યા હોવાથી પોલીસે સાક્ષીઓ અને સીસીટીવી ફૂટેજ માટે અપીલ કરી છે. સાઉથોલમાં ડોર્મર્સ વેલ્સ લેન સાથેના જંક્શન પાસે નોર્થ રોડ પર ચાકૂના ઘા ઝીંકાયા બાદ ગુરભેજ સિંહ તરીકે ઓળખાતા પીડિતને જીવલેણ ઈજાઓ થઈ હતી. આ ઘટનામાં અન્ય એક વ્યક્તિ, જેની ઉંમર ૩૦ વર્ષની આસપાસ હોવાનું માનવામાં આવે છે, તે પણ ઘાયલ થયો હતો અને તેને હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો. ત્યાર બાદ તેને રજા આપી દેવામાં આવી છે.

મેટ્રોપોલિટન પોલીસના જણાવ્યા અનુસાર, બુધવારે વહેલી સવારે લંડન એમ્બ્યુલન્સ સર્વિસ દ્વારા પોલીસ અધિકારીઓને ઘટનાસ્થળે બોલાવવામાં આવ્યા હતા. પોલીસ અને પેરામેડિક્સ ઘટનાસ્થળે પહોંચ્યા હતા, પરંતુ તેને બચાવવાના તમામ પ્રયાસો છતાં ચાકૂના ઘાના કારણે સિંહને ઘટનાસ્થળે જ મૃત જાહેર કરવામાં આવ્યો હતો. મેટ પોલીસના સ્પેશિયાલિસ્ટ ક્રાઈમ કમાન્ડના ડિટેક્ટિવ ચીફ ઈન્સ્પેક્ટર એલિસન ફોક્સવેલે જણાવ્યું હતું કે, તપાસકર્તાઓ આ હત્યાની આસપાસની પરિસ્થિતિઓની તપાસ કરી રહ્યા છે. ફોક્સવેલે જણાવ્યું હતું કે, "ડિટેક્ટિવ્સ મિસ્ટર સિંહના દુઃખદ અવસાનની તપાસ કરી રહ્યા છે અને મારી સંવેદનાઓ તેમના પરિવાર અને પ્રિયજનો સાથે છે."

મોદી-મેક્રોનની મંત્રણામાં ભારત અને ફ્રાન્સ વચ્ચે ૧૩ મહત્વના કરાર

ભારત અને ફ્રાન્સ વચ્ચે આગામી પાંચ વર્ષમાં દ્વિપક્ષીય વેપાર ૩૨ અબજ ડોલર કરવાનો લક્ષ્યાંક

નાગરિક અણુ ઊર્જા, સંરક્ષણ, સુરક્ષા, અવકાશ, રોકાણ, ટેક્નોલોજી, ઇનોવેશન સહિતના મુદ્દા ચર્ચાયા

કાર્યક્રમ બાદ રાષ્ટ્રપતિ મેક્રોન વડાપ્રધાન મોદીને નીસ નજીક આવેલા 'વિલા કેરીલોસ'ની મુલાકાતે લઈ ગયા હતા. આ ફ્રાન્સના પ્રખ્યાત ઐતિહાસિક અને સાંસ્કૃતિક વારસાઓમાંથી એક છે.

નાઈસ (ફ્રાન્સ), તા. 14 : ભારત અને ફ્રાન્સે રવિવારે આગામી પાંચ વર્ષમાં તેમનો વાર્ષિક દ્વિપક્ષીય વેપાર વર્તમાન ૧૬ અબજ ડૉલરથી બમણો કરીને ૩૨ અબજ ડૉલર કરવાનો લક્ષ્યાંક નક્કી કર્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન વચ્ચે થયેલી ઉચ્ચ સ્તરીય બેઠક બાદ બંને દેશોએ મહત્વના ક્ષેત્રોમાં સંબંધોના વિસ્તાર માટે એક ઈનોવેશન રોડમેપ અને સંયુક્ત આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ફ્રેમવર્ક જાહેર કર્યું છે.

બંને નેતાઓ વચ્ચેની આ વાતચીતમાંથી ૧૩ મહત્વના કરારો થયા હતા. આ કરારોમાં હાઈ-સ્પીડ રેલ્વે સહયોગ અંગેની જાહેરાત, વર્ગીકૃત ડેટાની સુરક્ષા માટેનો કરાર અને પેરિસ તથા નાઈસ એરપોર્ટ પર ભારતના યુપીઆઈ (UPI) પેમેન્ટ નેટવર્કનો વિસ્તાર કરવાની સમજૂતી સામેલ છે. વિદેશ સચિવ વિક્રમ મિસરીએ જણાવ્યું કે મોદી-મેક્રોન વચ્ચેની ચર્ચામાં નાગરિક પરમાણુ ઊર્જા, સંરક્ષણ, સુરક્ષા, અવકાશ, વેપાર, રોકાણ, ટેક્નોલોજી, ઈનોવેશન, શિક્ષણ, ગતિશીલતા અને લોકો વચ્ચેના પરસ્પર સંબંધો સહિતના તમામ દ્વિપક્ષીય વિષયોને આવરી લેવામાં આવ્યા હતા. આ બેઠકમાં ફ્રાન્સની સંરક્ષણ ક્ષેત્રની અગ્રણી કંપની દસોલ્ટ એવિએશન પાસેથી ૧૧૪ રાફેલ ફાઈટર જેટ ખરીદવાની ભારતની યોજના પર પણ ચર્ચા થઈ હતી. તેમણે ઉમેર્યું કે રાફેલ જેટ કાર્યક્રમ અંગે બંને દેશો વચ્ચેની વાતચીત ઘણી આગળ વધી છે. વડાપ્રધાન મોદી સતત 'મેક-ઈન-ઈન્ડિયા'ના ખ્યાલને આગળ ધપાવી રહ્યા છે અને સંરક્ષણ ક્ષેત્રે બંને દેશો વચ્ચે સહ-વિકાસ, સહ-ડિઝાઈન અને સહ-ઉત્પાદનની વ્યવસ્થા પર ભાર મૂકી રહ્યા છે.

યુકેના દળોએ રશિયન ભૂતિયા કાફલાના એક જહાજને આંતર્યું

ઈંગ્લિશ ખાડી નજીક આ જહાજ પર રોયલ મરીન કમાન્ડો અને એનસીએના અધિકારીઓ ત્રાટક્યા

રશિયા ભૂતિયા જહાજી કાફલા મારફતે પ્રતિબંધિત ઓઇલનો વેપાર કરે છે

લંડન, ૧૪ જૂન (PTI): બ્રિટિશ સશસ્ત્ર દળોએ રવિવારે સવારે ઈંગ્લિશ ચેનલમાં પ્રતિબંધિત રશિયન ભૂતિયા કાફલાના તેલ ટેન્કરને આંતર્યું હતું. યુકેની આગેવાની હેઠળ આ પ્રકારનું આ પ્રથમ ઓપરેશન છે.

બ્રિટિશ વડાપ્રધાન કીથ સ્ટારમરે પુષ્ટિ કરી હતી કે 'SMYRTOS' નામના આ જહાજ પર રોયલ મરીન કમાન્ડો અને નેશનલ ક્રાઈમ એજન્સી(NCA)ના વિશેષ તાલીમબદ્ધ કાયદા અમલીકરણ અધિકારીઓ દ્વારા દરોડો પાડવામાં આવ્યો હતો. આ સૈન્ય ઓપરેશન છ કલાક સુધી ચાલ્યું હતું, જેમાં મેરીટાઈમ એર ગ્રુપના એરક્રાફ્ટ - ચિનૂક, મર્લિન Mk4 અને વાઈલ્ડકેટ - રોયલ એરફોર્સ (RAF) નું P-8 એરક્રાફ્ટ, તેમજ HMS સધરલેન્ડ અને HMS લેડબરીની મદદ લેવામાં આવી હતી.

વડાપ્રધાન સ્ટારમરે જણાવ્યું હતું કે, આ ઓપરેશન રશિયાને વધુ એક મોટો ફટકો આપે છે અને યુક્રેનમાં પુતિનના યુદ્ધને પ્રોત્સાહન આપનારાઓને યાદ અપાવે છે કે તેઓ છુપાઈ શકશે નહીં. તેમણે ઉમેર્યું, હું આ ઓપરેશનમાં સામેલ તમામ લોકોની પ્રશંસા કરવા માંગુ છું, જેમાં આપણા સશસ્ત્ર દળો અને કાયદા અમલીકરણ અધિકારીઓનો સમાવેશ થાય છે જેઓ આ દેશને દિવસના ૨૪ કલાક અને વર્ષના ૩૬૫ દિવસ સુરક્ષિત રાખે છે.

મધ્યપ્રદેશમાં ટ્રેનમાંથી કૂદેલા ચારના અન્ય ટ્રેન નીચે કચડાતાં મોત

મુરેનામાં ઇન્ટરસિટી ટ્રેનમાં આગની અફવાને પગલે ચેન પુલિંગ પછી ચાર મુસાફર ટ્રેનમાંથી ઉતાવળે કૂદી પડ્યા

મુસાફરો જ્યારે કુદી પડ્યા ત્યારે બાજુના ટ્રેક પરથી પસાર થતી અન્ય એક્સપ્રેસ ટ્રેનની અડફેટે આવ્યા

મુરેના (એમપી), તા. ૧૪ (પીટીઆઈ): રવિવારે મધ્ય પ્રદેશના મુરેના જિલ્લામાં ખજુરાહો-ઉદયપુર ઈન્ટરસિટી એક્સપ્રેસ ટ્રેનમાં આગ લાગી હોવાની અફવા ચાર મુસાફરો માટે જીવલેણ સાબિત થઈ હતી, જેઓ પાટા પર નીચે કૂદી પડ્યા હતા અને અન્ય એક એક્સપ્રેસ ટ્રેનની અડફેટે આવી જતાં કચડાઈ ગયા હતા. એમ અધિકારીઓએ જણાવ્યું હતું.

અધિકારીઓએ જણાવ્યું કે, આ ઘટના ઝાંસી રેલવે ડિવિઝનના હેતમપુર અને ધોલપુર સેક્શન વચ્ચે સાંજે ૪.૧૫ વાગ્યાની આસપાસ બની હતી.

એક અધિકારીએ જણાવ્યું કે, આગની અફવાને કારણે ચેઈન ખેંચાયા બાદ આ મુસાફરો ઉતાવળમાં તેમની ટ્રેનમાંથી નીચે કૂદી પડ્યા હતા.

નોર્થ સેન્ટ્રલ રેલવેના ઝાંસી ડિવિઝનના પબ્લિક રિલેશન ઓફિસર મનોજ સિંહે ફોન પર જણાવ્યું હતું કે, "ખજુરાહો-ઉદયપુર ઈન્ટરસિટી એક્સપ્રેસમાં આગ લાગવાની અફવાને કારણે અફરાતફરી મચી ગયા બાદ મુસાફરો ટ્રેનમાંથી નીચે કૂદી પડ્યા હતા."

મનોજ સિંહે ઉમેર્યું કે, બરાબર એ જ સમયે બાજુના પાટા પરથી પાતાલકોટ એક્સપ્રેસ પસાર થઈ રહી હતી. ટ્રેનમાંથી નીચે કૂદી પડેલા ચાર મુસાફરો સામેથી આવી રહેલી ટ્રેનને જોઈ શક્યા ન હતા અને તેની અડફેટે આવી ગયા હતા, જેના પરિણામે તેમનાં મોત નીપજ્યાં હતાં.

આ ઘટનાથી મુસાફરોમાં ગભરાટ ફેલાઈ ગયો હતો, અને રેલવે સત્તાવાળાઓ તેમ જ પોલીસને તાત્કાલિક જાણ કરવામાં આવી હતી.

જી-૭ સમિટનો વિરોધ કરવા જીનીવામાં હજારો લોકો ભેગા થયા

ધનવાન દેશોની આ સમિટ શરૂ થાય તે પહેલા જ વિવિધ પ્રકારના વિરોધ પ્રદર્શનો શરૂ થઇ ગયા, ૨૦થી વધુની અટકાયત

જીનીવા, તા. ૧૪ (એપી): ફ્રાન્સના નજીકના શહેરમાં એક દિવસ પછી શરૂ થઈ રહેલી જી-૭ સમિટમાં ભાગ લેવા માટે અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને તેમના સમકક્ષો આવી રહ્યા છે, ત્યારે રવિવારે સમૃદ્ધ દેશોના આ જી૭ જૂથ પ્રત્યે પોતાનો અસંતોષ વ્યક્ત કરવા માટે હજારો પ્રદર્શનકારીઓ એકઠા થયા હતા.

પર્યાવરણવાદીઓ, નારીવાદીઓ, સામ્રાજ્યવાદના વિરોધીઓ, સ્વતંત્ર મીડિયાના સમર્થકો, પેલેસ્ટિનિયન અધિકારોના હિમાયતીઓ અને અન્ય લોકો જીનીવાના એક તળાવ કિનારે આવેલા પાર્કમાં શહેરમાં કૂચ કરવા માટે એકઠા થયા હતા. આકાશમાં સૂર્યપ્રકાશ ખીલેલો હતો અને લોકો તડકો તેમજ સ્વિમિંગની મજા માણી રહ્યા હતા, ત્યારે ત્યાંથી એક બોટ પસાર થઈ હતી જેના સઢ પર No G7 લખેલું હતું.

ફ્રાન્સના રિસોર્ટ સિટી એવિયન-લે-બેન્સમાં સોમવારથી શરૂ થઈ રહેલી આ ત્રિદિવસીય સમિટની સુરક્ષા માટે સ્વિસ અને ફ્રેન્ચ સત્તાવાળાઓએ હજારો પોલીસકર્મીઓ તૈનાત કર્યા છે. આ સમિટમાં વૈશ્વિક નેતાઓ મધ્ય પૂર્વ (મિડલ ઈસ્ટ), યુક્રેન અને વૈશ્વિક આર્થિક અસંતુલન સહિતના મુદ્દાઓ પર ચર્ચા કરવાના છે. સત્તાવાળાઓએ રસ્તાઓ બંધ કરી દીધા છે, અનધિકૃત મેળાવડાઓ પર પ્રતિબંધ મૂક્યો છે.

RSS વડા મોહન ભાગવતે પાકિસ્તાન સાથે સંવાદનું સમર્થન કર્યું

ભાગવતે આરએસએસ પદાધિકારી દત્તાત્રેય હોસાબલેના નિવેદનનો બચાવ કર્યો

પાકિસ્તાનમાં એવા ઘણા લોકો છે જેઓ માને છે કે, ભારતના ભાગલા ખોટા હતા : ભાગવત

તિરુવનંતપુરમ, તા. ૧૪ (પીટીઆઈ): આરએસએસ પ્રમુખ મોહન ભાગવતે પાકિસ્તાન સાથે સંવાદની બારી ખુલ્લી રાખવાની હિમાયત કરતા વરિષ્ઠ આરએસએસ પદાધિકારી દત્તાત્રેય હોસાબલેના નિવેદનનો બચાવ કર્યો છે અને કહ્યું છે કે તેઓ પડોશી દેશના લોકો વિશે વાત કરી રહ્યા હતા.

મે મહિનામાં પીટીઆઈ વીડિયોઝને આપેલા એક ઈન્ટરવ્યુમાં હોસાબલે દ્વારા કરવામાં આવેલા નિવેદન અંગે આરએસએસના દૃષ્ટિકોણ વિશેના એક પ્રશ્નનો જવાબ આપતાં ભાગવતે જણાવ્યું હતું કે, સંસ્થા પાકિસ્તાન અંગે કેન્દ્ર સરકારની નીતિનું પાલન કરશે. શનિવારે અહીં આરએસએસની શતાબ્દી ઉજવણીના ભાગરૂપે આયોજિત એક સંવાદાત્મક સત્ર દરમિયાન ભાગવતે કહ્યું કે, પરંતુ પાકિસ્તાનમાં એવા ઘણા લોકો છે જેઓ માને છે કે, ભારતના ભાગલા ખોટા હતા અને ત્યાંના ઘણા પત્રકારો આરએસએસ અને તેના કાર્યોની પ્રશંસા કરે છે. ત્યાંના લોકોમાં પાકિસ્તાન-વિરોધી અને દ્વિ-રાષ્ટ્રના સિદ્ધાંત વિરુદ્ધનો એક સ્પષ્ટ આંતરપ્રવાહ છે અને તેઓ કહે છે કે સાથે રહેવું વધુ સારું હતું. ભાગવતે જણાવ્યું હતું કે, જો ભવિષ્યમાં ભારતે પાકિસ્તાનને ખૂબ જ ખરાબ રીતે હરાવવું પડે તો ત્યાંના લોકોને ભારતમાં સામેલ થઈ જવું પડશે અથવા તો તેઓ તે દેશમાં શાંતિથી રહેવા લાયક બનવું પડશે અને તે માટે સંવાદના દરવાજા ખુલ્લા રાખવાની જરૂર છે.

પેજ 3

પુણેના મોલમાં કોકટેલ ટુના પ્રમોશમાં ફેન્સે ઘેરી લેતા કૃતિ રશ્મીકાને બચાવતી દેખાઇ

મુંબઈ, તા. 14 : પુણેના એક મોલમાં 'કોકટેલ ટુ'ના પ્રમોશનલ ઈવેન્ટ દરમિયાન ભારે અરાજકતા સર્જાયા બાદ અભિનેત્રી કૃતિ સેનને તેની સહ-કલાકાર રશ્મિકા મંદાનાને સુરક્ષિત રાખવા માટે રક્ષણ પૂરું પાડ્યું હતું. શહેરના એક મોલના વીડિયોમાં જોવા મળ્યું કે કૃતિ રશ્મિકાને બચાવી રહી છે અને તેને પોતાની નજીક પકડી રાખી છે. કારણ કે, આ બંને અભિનેત્રીઓ, શાહિદ કપૂર સાથે, ખીચોખીચ ભરેલી ભીડ વચ્ચેથી પસાર થઈ રહી હતી ત્યારે ચાહકોએ તેમને ઘેરી લીધા હતા. વાયરલ થયેલા વીડિયોમાં સુરક્ષાકર્મીઓ ભીડને કાબૂમાં લેવા માટે સંઘર્ષ કરતા જોવા મળ્યા હતા. કારણ કે, ચાહકો કલાકારો તરફ ધસી આવ્યા હતા. પરિસ્થિતિ નિયંત્રણ બહાર જતી જોઇને આયોજકોએ કથિત રીતે ઈવેન્ટને અધવચ્ચે જ ટૂંકાવી દીધી હતી અને ત્રણેયને ઘટનાસ્થળેથી બહાર લઈ ગયા હતા.

આમિર ખાનના કાર્યક્રમમાં મુંડન કરાવેલા માથા સાથે સલમાન આકર્ષણનું કેન્દ્ર

મુંબઈ, તા. 14 : શનિવારે આમિર ખાન પ્રોડક્શન્સના 25 વર્ષની ઉજવણીમાં સલમાન ખાને હાજરી આપી હતી, જ્યાં તેના નવા લુકે સૌનું ધ્યાન ખેંચ્યું હતું. કાર્યક્રમના સ્થળ પરથી સામે આવેલા ફોટા અને વીડિયોમાં તે બ્લેક બનિયાન, રિપ્ડ બ્લેક જીન્સ, તેને મેચ થતું જેકેટ અને મુંડન કરેલા માથા સાથે જોવા મળ્યો હતો. આ ઈવેન્ટ 'લગાન' ફિલ્મના 25 વર્ષ પૂર્ણ થવા નિમિત્તે યોજાઈ હતી અને તેમાં ફિલ્મ ઉદ્યોગના અનેક મહેમાનો એકઠા થયા હતા. સલમાન અગ્રણી હાજરી આપનારાઓમાં સામેલ હતો અને તેનો આ લુક ઝડપથી તે સાંજનો ચર્ચાનો વિષય બની ગયો હતો.

કાજોલ, જુહી ચાવલાએ 'લગાન'ની ઇવેન્ટમાં આમિર ખાનની ફિરકી લીધી

મુંબઈ, તા. 14 : 'લગાન' ફિલ્મની 25મી વર્ષગાંઠ નિમિત્તે મુંબઈમાં યોજાયેલી એક વિશેષ ઉજવણીમાં અભિનેત્રીઓ કાજોલ અને જુહી ચાવલાએ સાથે મળીને મજાક-મસ્તીમાં આમિર ખાનની ફિરકી લીધી હતી, જેમાં કાજોલે એવી ટકોર કરી હતી કે, આ અભિનેતા-નિર્માતાની મહિલાઓની બાબતમાં પસંદગી ખૂબ સરસ છે. આ વિવેચકો દ્વારા વખાણાયેલી ફિલ્મની આ સિલ્વર જ્યુબિલીની ઉજવણી કરવા માટે યોજાયેલા આ સ્ટાર-સ્ટડેડ કાર્યક્રમમાં આમિર ખાનની સાથે સલમાન ખાન, જાવેદ અખ્તર, કાજોલ અને જુહી ચાવલા સહિત ફિલ્મ ઉદ્યોગના કેટલાય અગ્રણી નામોએ હાજરી આપી હતી. 'ઇશ્ક' ફિલ્મના સહ-કલાકારો વચ્ચેની આ હળવી ક્ષણો સાંજનું મુખ્ય આકર્ષણ બની ગઈ હતી, જેણે ચાહકોને ભૂતકાળની યાદોમાં સરકાવી દીધા હતા અને સોશિયલ મીડિયા પર આનો જોરદાર પ્રતિસાદ મળ્યો હતો.

વિજય દેવરાકોંડા, રશ્મિકા મંદાનાએ તેલંગાણામાં શાળાનાં 180 બાળકોને સ્કોલરશિપ આપી

ચેન્નાઈ, તા. ૧૪ : વિજય દેવરાકોંડા અને રશ્મિકા મંદાના તેલંગાણામાં શિક્ષણના સુધારા માટે આપેલું વચન પૂરું કરી રહ્યા છે. કારણ કે, તેઓએ તેજસ્વી વિદ્યાર્થીઓના શિક્ષણને સહાય આપવાના હેતુથી એક સ્કોલરશિપ પહેલ કરી છે. રવિવારે, વિજય દેવરાકોંડા રશ્મિકા સાથે તેલંગાણાના અચંપેટ મંડળના થુમ્મનપેટ ગામની મુલાકાતે ગયા હતા, જ્યાં તેમણે જણાવ્યું કે ટોચના વિદ્યાર્થીઓને સ્કોલરશિપ આપવી એ તેમનું સ્વપ્ન છે અને જે લોકો પાસેથી તેમને તેમની કારકિર્દીમાં આટલો પ્રેમ અને સમર્થન મળ્યું છે તેમને કંઈક પરત આપવું છે. એક્સ પર વિજયે સ્કોલરશિપ યોજના માટે પસંદ કરાયેલા વિદ્યાર્થીઓની યાદી શેર કરી હતી.

ડીઝલ પરના નિયંત્રણોથી હોસ્પિટલો, આઈટી પાર્ક્સ વગેરે માટે ચિંતાઓ

આવી સંસ્થાઓ માટે ઇમરજન્સી બેકઅપ તરીકે ડીઝલ જનરેટર આવશ્યક છે

નવી દિલ્હી, તા. ૧૪(પીટીઆઇ): સરકાર દ્વારા પેટ્રોલ પંપ પરથી ડીઝલની ખરીદી પર મર્યાદા મૂકવાના નિર્ણયથી હોસ્પિટલો, આઈટી(IT) કેમ્પસ, ડેટા સેન્ટર્સ અને ઔદ્યોગિક એકમોમાં ચિંતા વધી ગઈ છે. આ સંસ્થાઓ માત્ર ઈમરજન્સી બેકઅપ તરીકે જ નહીં, પરંતુ વીજળીની ભારે માંગ (પીક-ડિમાન્ડ) દરમિયાન પાવરના નિયમિત સ્ત્રોત તરીકે પણ ડીઝલ જનરેટર પર ખૂબ નિર્ભર છે.

સરકારે ૧૧ જૂનના રોજ ઔદ્યોગિક, વ્યાપારી અને સંસ્થાગત ગ્રાહકો પર પેટ્રોલ પંપ પરથી ડીઝલ ખરીદવા પર પ્રતિબંધ મૂક્યો હતો અને રિટેલ આઉટલેટ્સ (છૂટક વેચાણ કેન્દ્રો) પરથી વેચાણ ગ્રાહક અથવા વાહન દીઠ દરરોજ ૨૦૦ લીટર સુધી મર્યાદિત કર્યું હતું. આ પગલાનો ઉદ્દેશ્ય પુરવઠાની જાળવણી કરવાનો અને છૂટક ગ્રાહકો માટેના ઈંધણના અન્યત્ર વપરાશને અટકાવવાનો છે.

ઉદ્યોગ જગતના હોદ્દેદારોએ જણાવ્યું હતું કે આ નિયંત્રણો એવા ક્ષેત્રો માટે ઈંધણની ખરીદીમાં અવરોધ ઊભો કરી શકે છે જ્યાં કામગીરી ચાલુ રાખવા માટે ડીઝલ જનરેટર અત્યંત મહત્વપૂર્ણ છે. આ નિર્ણયથી હોસ્પિટલો સૌથી વધુ પ્રભાવિત થઈ શકે તેમ છે. મોટી હોસ્પિટલો સામાન્ય રીતે મલ્ટીપલ ડીઝલ જનરેટર સેટ રાખે છે જે ગ્રીડ ફેલ્યોર દરમિયાન આખા કેમ્પસને વીજળી આપવા સક્ષમ હોય છે. તેઓ સર્જરી, આઈસીયુ ઓપરેશન્સ અને અન્ય ગંભીર પ્રક્રિયાઓ દરમિયાન પણ અગમચેતીના ભાગરૂપે જનરેટર ચાલુ રાખે છે, કારણ કે વીજળીની સામાન્ય વધઘટ પણ દર્દીઓ માટે જોખમ ઊભું કરી શકે છે. ડેટા સેન્ટર્સ, આઈટી પાર્ક્સ અને ટેલિકોમ સુવિધાઓ પણ તેમની કામગીરી અટક્યા વગર ચાલુ રાખવાની પ્રતિબદ્ધતા પૂરી કરવા માટે મોટા પાયે ડીઝલ આધારિત બેકઅપ સિસ્ટમ્સ પર નિર્ભર છે. ઉદ્યોગના અધિકારીઓએ જણાવ્યું કે ઘણી સંસ્થાઓ અવિરત કામગીરી સુનિશ્ચિત કરવા માટે નજીકના પેટ્રોલ પંપ પરથી નિયમિતપણે ડીઝલનો સ્ટોક ભરી લેતી હોય છે.

ફ્રોઝન શોલ્ડર, હાડકા અને સ્નાયુઓની સમસ્યાઓ ડાયાબિટીસના કારણે પણ હોઈ શકે

ભારતમાં આ સમસ્યાઓ વધી રહી છે અને તે માટેનું એક અગત્યનું કારણ રક્ત શર્કરાનું ઉંચુ પ્રમાણ પણ છે

નવી દિલ્હી, તા. ૧૪(PTI): ભારત જ્યારે વિશ્વમાં ડાયાબિટીસના સૌથી મોટા બોજ સામે ઝઝૂમી રહ્યું છે, ત્યારે ડૉક્ટરો આ રોગના એક ઓછા જાણીતા પરિણામ વિશે જણાવી રહ્યા છે – ફ્રોઝન શોલ્ડર (ખભા અકડાઈ જવા) અને ટ્રિગર ફિંગર (આંગળી જકડાઈ જવી)થી લઈને નસો દબાવાની સમસ્યાઓ અને સાંધાઓના ઝડપી ઘસારા જેવી ઓર્થોપેડિક તકલીફોમાં વધારો થઈ રહ્યો છે.

નિષ્ણાતોએ જણાવ્યું હતું કે સતત ઊંચું રહેતું બ્લડ શુગર કોલેજન, ટેન્ડન્સ, લિગામેન્ટ્સ અને નસોને નુકસાન પહોંચાડી શકે છે, જેનાથી દુખાવો, અકડન અને હલનચલનની સમસ્યાઓનું જોખમ વધે છે જે જીવનની ગુણવત્તાને નોંધપાત્ર રીતે અસર કરી શકે છે. સફદરજંગ હોસ્પિટલ અને VMMCના સ્પોર્ટ્સ ઈન્જરી સેન્ટરના પ્રોફેસર ડૉ. સ્કંદ સિન્હાએ જણાવ્યું હતું કે, અમે



૪૦ વર્ષની વયના લોકોમાં ફ્રોઝન શોલ્ડર, ટેન્ડનની સમસ્યાઓ અને સાંધાની અકડન સાથે આવતા દર્દીઓની સંખ્યામાં વધારો જોઈ રહ્યા છીએ, આ એવી સ્થિતિ છે જે પરંપરાગત રીતે મોટી ઉંમરના જૂથોમાં વધુ જોવા મળતી હતી. આનું મુખ્ય કારણ ભારતમાં નાની ઉંમરે ડાયાબિટીસ અને પ્રી-ડાયાબિટીસનું વધતું પ્રમાણ છે.

સીતારામ ભારતીય ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ એન્ડ રિસર્ચના ઓર્થોપેડિક્સના સિનિયર કન્સલ્ટન્ટ ડૉ. અભિમન્યુ કુમારે જણાવ્યું હતું કે, ડૉક્ટરો વધુને વધુ પ્રમાણમાં એવું જોઈ રહ્યા છે કે કેટલાક દર્દીઓમાં મસ્ક્યુલોસ્કેલેટલ ફરિયાદો ડાયાબિટીસનો પ્રારંભિક સંકેત હોય છે. ડૉ. કુમારે જણાવ્યું કે, "અમે અવારનવાર દર્દીઓને ફ્રોઝન શોલ્ડર, ટ્રિગર ફિંગર, ક્રોનિક ટેન્ડન પેઈન (સ્નાયુબંધનો લાંબાગાળાનો દુખાવો) અથવા અકળાવી દેતી સાંધાની અકડન સાથે આવતા જોઈએ છીએ, અને ત્યારબાદની તપાસમાં અગાઉ નિદાન ન થયેલું અથવા નબળું નિયંત્રિત ડાયાબિટીસ હોવાનું બહાર આવે છે. ઘણા કિસ્સાઓમાં, ઓર્થોપેડિક ફરિયાદ એ અંદર રહેલી મેટાબોલિક ખામીની પ્રથમ ચેતવણી સમાન બને છે.